દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શનિવાર ૩૦ મે, ૨૦૨૬

સુપ્રીમનો ત્રણ જ માસમાં ચુકાદાનો આદેશ પણ કરોડો કેસના ભારણની સામે હાઈકોર્ટમાં જજોની ભારે અછત છે

‘તારીખ પે તારીખ, તારીખ પે તારીખ...’ હિન્દી ફિલ્મમાં બોલાયેલો આ શબ્દ હવે ભવિષ્યમાં હાઈકોર્ટોમાં સંભળાશે નહીં. સુપ્રીમ કોર્ટે તા.29મી મે, 2026ના રોજ દેશની તમામ હાઈકોર્ટને એવો આદેશ આપ્યો છે કે હાઈકોર્ટે કેસની સુનાવણી પૂર્ણ કર્યા બાદ અનામત (રિઝર્વ) રાખેલા ચુકાદા, કેસ રિઝર્વ થયાની તારીખથી ત્રણ મહિનાની અંદર ફરજિયાતપણે સંભળાવવાના રહેશે. આ નિર્ણય માત્ર કાયદાકીય પ્રક્રિયાને ઝડપી બનાવનારો નથી, પરંતુ દેશના કરોડો નાગરિકોનો ન્યાયતંત્ર પરનો વિશ્વાસ વધુ મજબૂત કરનારો છે. સુપ્રીમ કોર્ટ દ્વારા જે કડક આદેશ કરાયો છે તેને કારણે અનેક હાઈકોર્ટમાં જે ચુકાદાઓ વિલંબિત છે તે કેસનો ઝડપથી નિકાલ થશે. જોકે, માત્ર હાઈકોર્ટ જ નહીં પરંતુ નીચલી તમામ કોર્ટમાં પણ આ આદેશ લાગુ પડવો જોઈએ કે જેથી નીચલી કોર્ટમાં પણ જે કેસમાં માત્ર ચુકાદો જ બાકી છે તેનો પણ નિકાલ આવી શકે.

રોમન કાયદાશાસ્ત્રનો એક પ્રખ્યાત સિદ્ધાંત છે કે, વિલંબથી મળેલો ન્યાય એ ન્યાય ન મળવા બરાબર છે. ભારતમાં અદાલતોની લાંબી પ્રક્રિયા અને વર્ષો સુધી લટકતા રહેતા નિર્ણયોને કારણે આ કહેવત સામાન્ય માણસની જિંદગીની કડવી વાસ્તવિકતા બની ગઈ હતી. ઘણીવાર એવું જોવા મળ્યું છે કે વકીલોની લાંબી દલીલો અને મહિનાઓની મહેનત પછી કોર્ટ કેસનો ચુકાદો ‘રિઝર્વ’ એટલે કે સુરક્ષિત રાખી લે છે. પરંતુ, ત્યારબાદ એ ચુકાદો આવતા મહિનાઓ કે ક્યારેક વર્ષો નીકળી જાય છે. આવા વિલંબને કારણે પિડાતા પક્ષકારો માટે કોર્ટના ચક્કર કાપવા એ માનસિક અને આર્થિક રીતે કમરતોડ સાબિત થાય છે. સુપ્રીમ કોર્ટે આ જ નબળાઈને ઓળખીને સમયમર્યાદા નક્કી કરી છે, જે ન્યાયિક વ્યવસ્થામાં આકાંક્ષિત સુધારાની દિશામાં મોટું કદમ છે. સુપ્રીમ કોર્ટનો આ આદેશ માત્ર એક સલાહ નથી, પણ એક કડક શિસ્તબદ્ધ માળખું છે. જેમાં કોઈપણ પ્રકારની શિથિલતા માટે જગ્યા રાખવામાં આવી નથી. કોઈપણ હાઈકોર્ટ ચુકાદો અનામત રાખ્યાના ત્રણ મહિનાથી વધુ સમય સુધી તેને રોકી શકશે નહીં. આ સમયગાળામાં જ જજે કારણો સાથેનો વિગતવાર ચુકાદો આપવો પડશે.

સુપ્રીમ કોર્ટ દ્વારા એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે જો કોઈ બેંચ ૩ મહિનામાં ચુકાદો આપવામાં નિષ્ફળ જશે, તો રજિસ્ટ્રાર જનરલ આ મામલો સીધો સંબંધિત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સમક્ષ મૂકશે. ચીફ જસ્ટિસ વધુમાં વધુ ૨ અઠવાડિયાનો સમય આપશે. જો આ ૨ અઠવાડિયામાં પણ નિર્ણય નહીં આવે, તો એ કેસ તે બેંચ પાસેથી પાછો ખેંચીને અન્ય બેંચને સોંપી દેવામાં આવશે. આ જોગવાઈ જજોની પોતાની ન્યાયિક જવાબદારી પણ નક્કી કરે છે. બંધારણે દરેક નાગરિકને આપેલી સ્વતંત્રતાના રક્ષણ માટે કોર્ટે કહ્યું છે કે, જામીન અરજીઓ પર હાઈકોર્ટે તે જ દિવસે અથવા જો ચુકાદો રિઝર્વ હોય તો, તેના બીજા જ દિવસે ઓર્ડર આપીને તેને વેબસાઈટ પર અપલોડ કરવો પડશે. ‘જામીન મળે એ જ દિવસે કેદીની મુક્તિ થાય’ તે સુનિશ્ચિત કરવું અનિવાર્ય છે.

ચુકાદાનો મુખ્ય ભાગ (ઓપરેટિવ પાર્ટ) કોર્ટમાં તાત્કાલિક જાહેર કરવો પડશે અને સવિસ્તાર ચુકાદો ૭ દિવસમાં વેબસાઈટ પર મૂકવો પડશે. વળી, વેબસાઈટ પર કેસ કઈ તારીખે રિઝર્વ રખાયો હતો તે તારીખ પણ ફરજિયાત દર્શાવવી પડશે, જેથી વિલંબનો તુરંત ખ્યાલ આવી શકે. આ કડક ગાઈડલાઈનની સૌથી મોટી સકારાત્મક અસર સામાન્ય નાગરિકો, જેલના કેદીઓ અને વ્યાપારિક જગત પર પડશે. ભારતમાં હજારો એવા અંડરટ્રાયલ (કાચા કામના) કેદીઓ છે જેઓ માત્ર જામીન પરના નિર્ણયમાં વિલંબને કારણે જેલના સળિયા પાછળ સડી રહ્યા છે. સુપ્રીમ કોર્ટના આ આદેશથી વચગાળાની રાહતો અને જામીનની અરજીઓનો ઝડપી નિકાલ થશે. વધુમાં, સામાન્ય જનતામાં એક નવો આશાવાદ જાગશે કે જો તેમણે અદાલતનો દરવાજો ખટખટાવ્યો છે, તો સુનાવણી પૂરી થયા પછી ચુકાદા માટે અનંતકાળ સુધી રાહ જોવી નહીં પડે. ડિજિટલ યુગમાં ચુકાદાઓ ૭ દિવસમાં વેબસાઈટ પર મૂકવાનો આદેશ કોર્ટની કામગીરીને વધુ પેપરલેસ, ઝડપી અને પારદર્શક બનાવશે.

જોકે, એ વાત પણ એટલી સત્ય છે કે, સુપ્રીમ કોર્ટનો આ આદેશ સૈદ્ધાંતિક રીતે અદ્ભુત છે, પરંતુ વ્યવહારિક સ્તરે હાઈકોર્ટો માટે આ સમયમર્યાદાનું પાલન કરવું એક મોટો પડકાર સાબિત થઈ શકે છે. કારણ કે દેશની હાઈકોર્ટમાં જજોની મોટી અછત ચે. સાથે સાથે કરોડો કેસ પણ પેન્ડિંગ છે. જેને કારણે જજો પર રોજની અનેક કેસોની સુનાવણીનું ભારણ રહે છે. આ ઉપરાંત હાઈકોર્ટમાં આધુનિક કોર્ટરૂમ્સ, લીગલ આસિસ્ટન્ટ્સ અને ટેક્નોલોજીકલ સપોર્ટનો હજુ પણ અભાવ છે. તાજેતરમાં જ સરકારે સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશોની સંખ્યા ૩૩થી વધારીને ૩૭ કરવાનો વટહુકમ બહાર પાડ્યો છે, જે આવકારદાયક છે. પરંતુ આવી જ સક્રિયતા દેશની તમામ હાઈકોર્ટો અને નીચલી અદાલતોમાં ખાલી પડેલી જગ્યાઓ ભરવા માટે પણ બતાવવી પડશે. જો જજો પર કામનું ભારણ અમાનવીય હદ સુધી વધારે હશે, તો ત્રણ મહિનામાં ગુણવત્તાયુક્ત અને ન્યાયસંગત ચુકાદાઓ આપવા મુશ્કેલ બનશે. તેથી, સમયમર્યાદાના પાલનની સાથે-સાથે ન્યાયિક માળખાને મજબૂત કરવું એટલું જ જરૂરી છે.

અખંડ એકતાની જીત: લદ્દાખમાં પ્રજાકીય શાસન તરફ પ્રયાણ

લદ્દાખ, જે ભારતનું પહાડી રણ છે, તેનું શૌર્ય અને બહાદુરી અનુકરણીય છે. તે વિસ્તારની દૃષ્ટિએ ભારતનો સૌથી મોટો લોકસભા મતવિસ્તાર છે, જેનો સમકાલીન ભારતમાં દેશની રક્ષા માટે યુદ્ધના સમયે અડીખમ ઊભા રહેવાનો સમૃદ્ધ ઇતિહાસ રહ્યો છે અને શાંતિના સમયમાં લદ્દાખનાં લોકો તેમની ગરિમા, ઓળખ, રાજકીય સશક્તિકરણ અને મૂળભૂત અધિકારોના રક્ષણ માટે સતત લડતાં આવ્યાં છે. વિશાળ અને ઉજ્જડ વિસ્તાર ધરાવતા લદ્દાખમાં આશરે ૩.૫૦ લાખની વસ્તી હોવાને કારણે તેઓ ભલે સંખ્યામાં ઓછાં હોય, પરંતુ હંમેશાં રાષ્ટ્રવાદી રહીને પોતાની ઓળખ, વંશીયતા અને સંસ્કૃતિ માટે લડવાની તેમની ક્ષમતા અદ્ભુત અને અજોડ છે. તેમની આ પ્રતિબદ્ધતા ફરી એક વાર ફળીભૂત થઈ છે. કેન્દ્ર સરકારે પ્રજાના રક્ષણાત્મક અધિકારો અને રાજકીય સશક્તિકરણની માંગને અવગણવા માટે તમામ સરકારી વ્યૂહરચનાઓ અજમાવી જોઈ, પરંતુ અંતે તે લદ્દાખને રાજ્યનો દરજ્જો આપવા અને આ આદિવાસી પ્રભુત્વ ધરાવતા વિસ્તારને તેમની આદિવાસી ઓળખ સુરક્ષિત રાખવા માટે બંધારણની છઠ્ઠી અનુસૂચિ હેઠળ લાવવાની માંગ સિવાયની અન્ય તમામ માંગણીઓ સ્વીકારવા સંમત થયું છે.

દિલ્હીમાં લેહ’ (એબીએલ) અને ‘કારગિલ ડેમોક્રેટિક એલાયન્સ’ (કેડીએ)ના પ્રતિનિધિઓ સાથે લાંબા સમયના વિલંબ બાદ યોજાયેલી વાટાઘાટોમાં આખરે એક મોટી સફળતા મળી છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ સાથેની વાતચીત બાદ નેતાઓ ‘લદ્દાખમાં લોકશાહી પુનઃસ્થાપિત કરવા અને ‘કલમ ૩૭૧ એ, એફ, અને જીની તર્જ પર બંધારણીય સુરક્ષા’ પૂરી પાડવા અંગે કેન્દ્ર સાથે ‘સૈદ્ધાંતિક સમજૂતી’ પર પહોંચ્યા છે. ઉલ્લેખનીય છે કે, આ એવી જોગવાઈઓ છે જે નાગાલેન્ડ, સિક્કિમ અને મિઝોરમ જેવાં રાજ્યોને લાગુ પડે છે.જમ્મુ અને કાશ્મીર, જેમાંથી લદ્દાખ કેન્દ્રશાસિત પ્રદેશ (યુટી) તરીકે અલગ કરવામાં આવ્યું હતું, તે પણ આ જ માંગ કરી રહ્યું છે, પરંતુ ત્યાં કોઈ ખાસ જનપ્રતિભાવ કે દબાણ જોવા મળતું નથી. જો કે તેમની મુખ્ય માંગ રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવાની છે. લદ્દાખનાં લોકો ફરી એક વાર એટલા માટે સફળ થયા કારણ કે તેઓ સત્તાધીશોના ગુસ્સાની ચિંતા કર્યા વિના એકજૂથ થઈને ઊભા રહ્યા, જે જમ્મુ-કાશ્મીર, ખાસ કરીને જમ્મુ ક્ષેત્રમાં જોવા મળતું નથી, જેણે ક્રમિક ચૂંટણીઓમાં ભાજપને પૂરા દિલથી સમર્થન આપ્યું છે. તેનાથી વિપરીત, જમ્મુ અને કાશ્મીર, ખાસ કરીને જમ્મુ રાજકીય અને સામાજિક રીતે વિભાજિત છે, જેનાથી કેન્દ્રને તેમની લાગણીઓની અવગણના કરવાની તક મળે છે.

આ એવો સંકેત પણ આપે છે કે, લદ્દાખનાં નાગરિક સમાજ જૂથોએ છઠ્ઠી અનુસૂચિના દરજ્જા અને પૂર્ણ રાજ્યની તેમની માંગણીઓમાં થોડી નરમાઈ આણી છે. જો કે, આ ‘સૈદ્ધાંતિક સમજૂતી’ સાથે એક શરત જોડાયેલી છે જેમાં કલમ ૩૭૧ની જોગવાઈઓ લાગુ કરવાનો વાયદો છે, જે અગાઉ લદ્દાખના નેતાઓને સ્વીકાર્ય ન હતી. ભૂતપૂર્વ ભાજપ સાંસદ, જેમણે પાછળથી પક્ષ છોડી દીધો હતો અને લદ્દાખ બૌદ્ધ એસોસીએશનના ભૂતપૂર્વ વડા થુપ્સ્તાન છીવાંગ જેવા નેતાઓનો મત હતો કે આ જોગવાઈનો સ્વીકાર એ માત્ર એક શરૂઆત છે, અંત નથી અને લોકો ભવિષ્યમાં આંદોલન કરવાનો પોતાનો અધિકાર અનામત રાખે છે.

વાટાઘાટો મુજબ, લદ્દાખ પાસે કેન્દ્રશાસિત પ્રદેશ (યુટી) સ્તરની વિધાનસભા દ્વારા ચૂંટાયેલાં પ્રતિનિધિઓને સંપૂર્ણ કાયદાકીય, કારોબારી અને નાણાંકીય સત્તાઓ પ્રાપ્ત થશે. પ્રસ્તાવિત ચૂંટાયેલા વહીવટી વડા (જે મુખ્યમંત્રી હશે) પાસે મુખ્ય સચિવની આગેવાની હેઠળના સમગ્ર કેન્દ્રશાસિત પ્રદેશના અમલદારશાહી પર સીધો વહીવટી અંકુશ રહેશે. કેન્દ્રશાસિત પ્રદેશનું બજેટ ચૂંટાયેલી સંસ્થા દ્વારા સંચાલિત કરવામાં આવશે, જે વર્તમાન વ્યવસ્થાથી તદ્દન અલગ હશે જ્યાં લેફ્ટનન્ટ ગવર્નર સર્વોચ્ચ નિયંત્રક સત્તા ધરાવે છે. લદ્દાખની

રાજધાનીના અંતરંગ

અનિલ આનંદ

લદ્દાખમાં લોકશાહીની નવી પરોઢ: કેન્દ્ર સાથે સૈદ્ધાંતિક સમજૂતી

જમીન, પર્યાવરણ, સંસ્કૃતિ અને નોકરીઓના રક્ષણ માટે કલમ ૩૭૧ હેઠળ વિશેષ જોગવાઈઓ સ્થાપિત કરવામાં આવશે.

આ આંદોલન દરમિયાન જાનહાનિ પણ થઈ હતી અને અગ્રણી પર્યાવરણવાદી/સામાજિક કાર્યકર્તા સોનમ વાંગચુકની દમનકારી રાષ્ટ્રીય સુરક્ષા કાયદા (એનએસએ) હેઠળ ધરપકડ કરવામાં આવી હતી અને તેમને રાજસ્થાનની જેલમાં મોકલી દેવાયા હતા, જ્યાંનું હવામાન તદ્દન ભિન્ન હતું, જે આ આંદોલન માટે એક નિર્ણાયક વળાંક સાબિત થયું. સુપ્રીમ કોર્ટ તેમની અરજી પર અંતિમ નિર્ણય લે તે પહેલાં જ કેન્દ્ર સરકાર દ્વારા અચાનક તેમની એનએસએ હેઠળની અટકાયત પાછી ખેંચી લેવામાં આવી હતી. સ્વાભાવિક રીતે જ, વધી રહેલા જનઆક્રોશ અને દબાણની આ અસર હતી.

નેતાઓનું માનવું છે કે, ગૃહ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ દ્વારા બેઠકમાં પ્રસ્તાવિત કર્યા મુજબ, ‘લદ્દાખમાં લોકશાહી પુનઃસ્થાપિત કરવી’ અને કલમ ૩૭૧ એ, એફ અને જીની ભાવના હેઠળ બંધારણીય સુરક્ષા પૂરી પાડવી એ એક પ્રગતિશીલ પગલું છે. આ જોગવાઈઓ નાગાલેન્ડ, સિક્કિમ અને મિઝોરમ જેવાં રાજ્યોમાં લાગુ છે. કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખ અને જમ્મુ-કાશ્મીર રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત ન થાય ત્યાં સુધી છેલ્લાં છ વર્ષથી આ જ માંગણી કરી રહ્યા છે. આ ‘સૈદ્ધાંતિક’ સમજૂતી બંધારણની છઠ્ઠી અનુસૂચિ હેઠળ સમાવેશ કરવાની અને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવાની માંગ અંગે કોઈ વાત કરવામાં આવી નથી. શું લદ્દાખનાં લોકો (અથવા તેમના પ્રતિનિધિઓ) આ માંગણીઓ છોડી દેવા તૈયાર છે? કદાચ અત્યાર પૂરતા તો હા! એપેક્સ બોડી ઓફ લદ્દાખના સહ-અધ્યક્ષ છેરિંગ દોરજે લાકરુકે જણાવ્યું હતું કે, ‘‘પ્રતિનિધિ શાસન વ્યવસ્થા રાખવા અંગે વ્યાપક સહમતી સધાઈ છે. તેની પાસે કાયદાકીય અને નાણાંકીય સત્તાઓ હશે. અમલદારો મુખ્યમંત્રીની સત્તા હેઠળ કામ કરશે. કલમ ૩૭૧ હેઠળ જમીન, નોકરીઓ અને સંસ્કૃતિનું રક્ષણ કરવામાં આવશે. આગામી બેઠકોમાં વિગતવાર બાબતો નક્કી કરવામાં આવશે.’’

કારગિલ ડેમોક્રેટિક એલાયન્સ (કેડીએ)ના સહ-અધ્યક્ષ સજ્જાદ કારગિલીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ‘‘ચર્ચાઓ હજી પણ ચાલુ છે. અમે રાજ્યનો દરજ્જો અને છઠ્ઠી અનુસૂચિના રક્ષણની માંગ કરતા અમારા મુસદ્દા પ્રસ્તાવો રજૂ કર્યા હતા, અને સરકારે હવે કેટલાંક સૂચનો સાથે સકારાત્મક પ્રતિભાવ આપ્યો છે. આગામી બેઠક પૂર્વે સરકાર ઔપચારિક મુસદ્દો લાવે તેવી અપેક્ષા છે.’’

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

મમ્મીની પ્રાર્થના

ચાર્જિંગ પોઇન્ટ

હેતા ભૂષણ

રોહન ગ્રેજ્યુએટ થયો અને આઈ. એ. એસ. બનવાનું તેનું અને તેની મમ્મીનું સપનું હતું.રોહનના પપ્પા નાનો હતો ત્યારે જ અવસાન પામ્યા હતા. તેમની ઈચ્છા હતી કે રોહન મોટો થઈને આઈ. એ. એસ. બને. રોહને મન દઈને તૈયારી શરૂ કરી.પ્રિલીમનરી પરીક્ષા આપી અને પાસ પણ થઈ ગયો. બધાં એકદમ ખુશ થઈ ગયાં. રોહને બમણી મહેનત શરૂ કરી અને મેઈન્સ એક્ઝામ આપી. તે નાપાસ થયો. મમ્મીએ કહ્યું, ‘‘વાંધો નહિ, બહુ અઘરી પરીક્ષા છે. તું મહેનત કર. હું પ્રાર્થના કરીશ.’’ બીજી વાર પણ રોહન નાપાસ થયો. મમ્મીએ એ જ વાત કરી અને ત્રીજી વાર રોહને ઘણી મહેનત કરી પરીક્ષા આપી અને તેને પૂરેપૂરી આશા હતી કે તે આ વર્ષે પાસ થઈ જ જશે, રીઝલ્ટ આવ્યું પણ બદનસીબે રોહન ત્રીજી વાર પણ નાપાસ થયો. હવે રોહનની હિંમત તૂટવા લાગી. તેને થયું ક્યાં સુધી બધો ભાર મમ્મી પર નાખીશ. મારે હવે બીજં કંઈ કરી પૈસા કમાવાની

શરૂઆત કરી મમ્મીનો ભાર ઓછો કરવો જોઈએ. તેણે મમ્મીને કહ્યું, ‘‘મમ્મી, હું હવે પરીક્ષા નહિ આપું. તારી પર કેટલો બોજો આવે છે.’’ મમ્મી કંઈ ન બોલી, માત્ર ચોથી વાર પરીક્ષા આપવાનું ફોર્મ રોહનની સામે મૂકી પોતે ભગવાનની સામે જઈને પ્રાર્થના કરવા લાગી.રોહન ફિક્કું હસ્યો અને બોલ્યો, ‘‘મમ્મી, ફોર્મ નથી ભરવું. આટલી મહેનત કરું છું પણ પાસ થઈ શકતો નથી. તું પણ પ્રાર્થના કરવાનું બંધ કર.લાગે છે ભગવાન તારી પ્રાર્થના પણ સાંભળતા નથી.’’ મમ્મી પ્રાર્થના કરતી રહી અને પછી તે એક હાથમાં ફોર્મ લઈને અને એક હાથથી રોહનનો હાથ પકડી ભગવાનની સામે લઇ ગઈ અને પોતે જાતે ફોર્મ ભર્યું અને ભગવાનને પ્રાર્થના કરતા કહ્યું, ‘‘હે પ્રભુ, એમ નહિ કહું, મારા દીકરાને પાસ કરાવજો અને સફળ બનાવજો. હું એટલું જ માંગું છું કે તેને ક્યારેય ન ખૂટે તેવી હિંમત આપજો. બસ સફળ તો તેની જાતે થઈ જ જશે.’’ મમ્મીએ ફોર્મ ભરીને રોહનના હાથમાં આપ્યું.રોહન રડતાં રડતાં મમ્મીને ભેટી પડ્યો અને બધી હિંમત એકઠી કરી. તેણે ચોથી વાર પરીક્ષા આપવા મહેનત શરૂ કરી અને તે સફળ થયો. આઈ.એ.એસ. ઓફિસર બન્યા પછી પ્રેસ કોન્ફરન્સમાં તેને પૂછવામાં આવ્યું, ‘‘તમારી સફળતાનું રહસ્ય?’’ રોહને જવાબ આપ્યો, ‘‘સતત ભગવાન સામે હાથ જોડી મારા માટે પ્રાર્થના કરતી મારી મમ્મી.બસ એ જ મારી તાકાત.’’ દરેક માતા સતત પોતાનાં સંતાનો માટે પ્રાર્થના કરતી જ રહે છે.

મમતાનો અસ્ત? તૃણમૂલનાં ઊભાં ફાડિયાં થશે?

પશ્ચિમ બંગાળમાં ભાજપના ભવ્ય વિજય પછી મમતા બેનરજી અને એમના પક્ષમાં ઊથલપાથલ ચાલી રહી છે. ઓલ ઇન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ માટે આગામી સમય ચોક્કસપણે ખૂબ જ પડકારજનક થવાનો છે. પક્ષમાં આંતરિક ભંગાણ કે મોટા ફેરફારોની અટકળો તેજ બની છે.

મમતા બેનરજીનાં ૧૫ વર્ષના શાસનનો તો અંત આવ્યો સાથે ખુદ મમતા બેનરજી ભવાનીપુર બેઠક પરથી ચૂંટણી હારી ગયાં છે. કોઈ પણ પ્રાદેશિક પક્ષ જ્યારે સત્તા ગુમાવે અને તેના સર્વોચ્ચ નેતાની હાર થાય, ત્યારે પક્ષને એકજૂથ રાખવો સૌથી મોટો પડકાર બની જતો હોય છે.

ચૂંટણીનાં પરિણામો આવ્યાના ગણતરીના દિવસોમાં જ તૃણમૂલ કોંગ્રેસમાં આંતરિક અસંતોષ સપાટી પર આવી ગયો છે. પશ્ચિમ બંગાળની વિવિધ નગરપાલિકાઓમાંથી ૧૦૦થી વધુ તૃણમૂલ કાઉન્સિલરોએ રાજીનામાં આપી દીધાં છે. સ્થાનિક નેતાઓ અને કાર્યકરોમાં હારના કારણે ફેલાયેલી નિરાશા પક્ષના સંગઠનાત્મક માળખાને નબળું પાડી રહી છે.

પક્ષના કેટલાક વરિષ્ઠ સાંસદો અને નેતાઓએ સંગઠનાત્મક પદો પરથી રાજીનામાં આપવાનું શરૂ કર્યું છે. કાકોલી ઘોષન કે જે મમતાની નજીકના નેતા જ્ઞાતા હતા એમને પક્ષના બધા હોદ્દા પરથી રાજીનામું આપ્યું છે અને અન્ય નેતાઓ કહે છે કે, પક્ષમાં ભંગાણ પડી શકે છે. પક્ષની આંતરિક કાર્યશૈલી, ભ્રષ્ટાચારના આરોપો અને નિર્ણયો લેવાની પદ્ધતિ સામે હવે જાહેરમાં અવાજ ઊઠવા લાગ્યો છે. સૌગત રોય જેવા વરિષ્ઠ નેતાઓ ભલે અત્યારે નેતૃત્વનો બચાવ કરી રહ્યા હોય, પરંતુ પક્ષમાં અંદરખાને ભારે અજંપો છે.

અહીં પણ કોંગ્રેસની જેમ જ મમતા બેનરજીના વફાદારો (જૂની પેઢી) અને અભિષેક બેનરજીના સમર્થકો (નવી પેઢી) વચ્ચે એક ખેંચતાણ ચાલતી આવી છે. સત્તામાં હોવાને કારણે અત્યાર સુધી આ મતભેદો દબાયેલા રહ્યા હતા, પરંતુ આ મોટી હાર બાદ બંને જૂથો વચ્ચે જવાબદારી નક્કી કરવા મુદ્દે આંતરિક સંઘર્ષ ઉગ્ર બની શકે છે, જે પક્ષના ભાગલા તરફ દોરી જઈ શકે.

ભાજપ સરકાર સત્તામાં આવ્યા બાદ પાયાના સ્તરે રાજકીય સમીકરણો બદલાયાં છે. ઘણા ધારાસભ્યો અને સ્થાનિક નેતાઓને લાગે છે કે જો તેઓ તૃણમૂલમાં રહેશે તો આગામી સમયમાં તેમનું રાજકીય અસ્તિત્વ જોખમમાં આવી શકે છે. ખાસ કરીને જે વિસ્તારોમાં ભાજપ મજબૂત થયો છે, ત્યાંના ધારાસભ્યો પોતાની આગામી ચૂંટણીની ચિંતામાં પક્ષપલટો કરવા અથવા તો પક્ષથી અંતર રાખવાનું મુનાસિબ માની રહ્યા છે.

રાજ્યોની વણઝાર

કૌશિક મહેતા

ભાજપ સરકાર સત્તામાં આવ્યા બાદ પાયાના સ્તરે રાજકીય સમીકરણો બદલાયાં છે

અલબત્ત, મમતા બેનરજી પોતે સક્રિય થઈને નારાજ ધારાસભ્યો સાથે વ્યક્તિગત બેઠકોનો દોર શરૂ કરે અને પક્ષ પરની પકડ ગુમાવતાં બચાવવા માટે સંગઠનમાં મોટા ફેરફારો કરે તેવી શક્યતા છે.

તૃણમૂલનો વોટ શેર હજુય મજબૂત છે પણ સુવેંદુ અધિકારીની સરકાર તૃણમૂલનાં નેતાઓ સામે આકરી કાર્યવાહીઓ કરે એવા નિર્દેશ મળવા લાગ્યા છે. બંગલાદેશી ઘુસણખોરો સામે આકરાં પગલાં લેવાઈ રહ્યાં છે. આ બધાં કારણો તૃણમૂલને તોડવા માટે પૂરતાં છે. મમતા સામે એક જુના કિસ્સામાં કેસ થયો છે, જેમાં સનાતન ધર્મના અપમાનની વાત છે. ભાજપ સરકાર ગાળિયો કસી રહી છે અને એનું પરિણામ મમતા અને એની પાર્ટી માટે ઘાતક આવી શકે છે.

કર્ણાટકમાં આખરે મુખ્યમંત્રી બદલાયા

લાંબા સમયથી કર્ણાટકમાં મુખ્યમંત્રી બદલાશે એવી વાતો આખરે વાસ્તવિકતા બની છે. સિદ્ધારામૈયાએ રાજીનામું આપ્યું છે અને ડી. કે. શિવકુમાર નવા મુખ્યમંત્રી બન્યા છે. દક્ષિણમાં કેરળમાં સરકાર બનાવ્યા બાદ કોંગ્રેસ મજબૂત તો બની છે પણ કર્ણાટકમાં સિદ્ધારામૈયા અને ડી કે શિવકુમાર વચ્ચે સંતુલન સાધવામાં કોંગ્રેસ નિષ્ફળ રહી. આખરે રાહુલ ગાંધીએ આપેલું રોટેશન પદ્ધતિનું વચન કોંગ્રેસ હાઈ કમાન્ડે નિભાવવું પડ્યું છે. અને ના થયું હોત તો કદાચ પક્ષમાં ભંગાણ પડી શક્યું હોત.

૨૦૨૩ની વિધાનસભા ચૂંટણી જીત્યા બાદથી જ ડેપ્યુટી સીએમ ડી. કે. શિવકુમાર અને સિદ્ધારમૈયા વચ્ચે અઢી-અઢી વર્ષની પાવર-શેરિંગ ફોર્મ્યુલાની ચર્ચા ચાલતી હતી. હવે સરકારને ૩ વર્ષ પૂર્ણ થતાં, શિવકુમાર જૂથ આ પદ માટે મક્કમ હતું. હવે ડી. કે. શિવકુમાર કર્ણાટકના આગામી મુખ્યમંત્રી બન્યા છે.

સિદ્ધારમૈયા પદ છોડવા માટે રાજી નહોતા, પરંતુ રાહુલ ગાંધી સાથેની વન-ટુ-વન બેઠક બાદ તેઓ માની ગયા અને પદ છોડ્યું છે. મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ તેમના સત્તાવાર નિવાસસ્થાને કેબિનેટ મંત્રીઓ માટે એક ‘બ્રેકફાસ્ટ મીટિંગ’ યોજી બધા મંત્રીઓનો આભાર માન્યો ત્યારે જ શિવકુમારે એમને પગે લાગી આશીર્વાદ મેળવ્યા હતા. બાદમાં જાહેરાત થઈ.

પક્ષના આ નિર્ણયથી કેટલો ફાયદો થશે? ડી. કે. શિવકુમાર જેવા આક્રમક અને સંસાધનથી મજબૂત નેતા મુખ્યમંત્રી બનવાથી પક્ષમાં નવી ઊર્જા આવશે અને લાંબા સમયથી ચાલતી આંતરિક ખેંચતાણનો અંત આવશે. બીજી બાજુ, સિદ્ધારમૈયા કર્ણાટકમાં દલિત, લઘુમતી અને ઓબીસી સંગઠનનો મોટો ચહેરો છે. તેમની વિદાયથી કોંગ્રેસની આ પરંપરાગત વોટબેંકમાં ભાજપ અને જેડીએસ ગાબડું પાડી શકે એવી શક્યતા ખરી.

કર્ણાટકમાં સિદ્ધારમૈયાના સ્થાને ડી. કે. શિવકુમારને મુખ્યમંત્રી બનાવવાનો કોંગ્રેસ હાઈકમાન્ડનો નિર્ણય માત્ર રાજ્ય પૂરતો સીમિત નથી, પણ તેની સીધી અને વ્યાપક અસરો ૨૦૨૯ની લોકસભા ચૂંટણીનાં રાષ્ટ્રીય સમીકરણો પર પડશે. કર્ણાટક એ દક્ષિણ ભારતમાં કોંગ્રેસ માટે સંસાધનો અને બેઠકો મેળવવાનો સૌથી મોટો ગઢ છે, તેથી આ સત્તાપરિવર્તન પક્ષ માટે ‘હાઈ-રિસ્ક, હાઈ-રિવોર્ડ’ (મોટું જોખમ, મોટો ફાયદો) સાબિત થઈ શકે છે.

આ ફેરફાર દર્શાવે છે કે કોંગ્રેસ હાઈકમાન્ડ (રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગે) હવે પ્રાદેશિક પક્ષો સામે ઝૂકવા માંગતું નથી અને નિર્ણયો લેવામાં મક્કમ છે. જો ડી. કે. શિવકુમાર સરકારને કોઈ મોટા વિવાદ વિના ચલાવી શકે અને લોકસભામાં વધુ બેઠકો અપાવે, તો રાષ્ટ્રીય સ્તરે વિપક્ષી ગઠબંધનમાં કોંગ્રેસનું કદ અને સોદાબાજી કરવાની શક્તિ ૨૦૨૯ માટે ઘણી વધી જશે.

શિવકુમાર આગામી ૨ વર્ષમાં સિદ્ધારમૈયાના સમર્થકોને સાચવી રાખવામાં સફળ રહે છે, તો તેમનું ચૂંટણી મેનેજમેન્ટ કોંગ્રેસને ૨૦૨૮માં ધારાસભા અને ૨૦૨૯માં કર્ણાટકની ૨૮ લોકસભા બેઠકોમાંથી સિંહફાળો અપાવી શકે છે. પરંતુ જો આંતરિક જૂથવાદ વણસ્યો, તો પક્ષને દક્ષિણના આ સૌથી મોટા રાજ્યમાં મોટું રાજકીય નુકસાન સહન કરવું પડી શકે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

સુરતનું ગૌરવ

સુરતી મોઢ વણિક સમાજના સમાજસેવક સજ્જન પુરુષ સુરતના ડોનેટ લાયકના માનવકલ્યાણકારી અંગદાન સેવાકીય પ્રવૃત્તિના અગ્રણી શ્રી નિલેશભાઈ માંડલેવાલા સાહેબને દિલ્હીમાં વડા પ્રધાન મોદીની ગૃહપ્રધાન અમિત શાહની ઉપરાષ્ટ્રપતિની હાજરીમાં રાષ્ટ્રપતિના હસ્તે ભારત સરકારનો પદ્મશ્રી એવોર્ડ એનાયત કરવામાં આવ્યો. બેશક સુરત માટે અત્યંત ગૌરવ લેવા જેવી બાબત ગણાય. પરિવારની હાજરીની રંગીન તસ્વીર સાથે એની વિગતે વિસ્તારથી ‘ગુજરાતમિત્ર’ અખબારમાં વિશેષ નોંધ લેવામાં આવી છે. ‘અમારા સમગ્ર પરિવાર માટે આ ગૌરવની વાત છે. એમનાં ધર્મપત્નીના આ શબ્દો છે. ખરેખર આ ધન્ય ઘડીથી પરિવાર સહિત સમગ્ર સુરત શહેર પણ ધન્ય બની ગયું છે. 21 વર્ષની દિનરાતની મહેનત રંગ લાવી છે. કિડનીના દર્દથી પીડાતા મારા યુવાન દીકરાના સમયથી હું પણ આ વિશાળ પાયા પર રચાયેલા સેવાયજ્ઞનો સાક્ષી રહ્યો છું. ઓર્ગન મેન ઓફ ઇન્ડિયાનાં સેવાકીય પ્રવૃત્તિના તેઓ ભારતની એક માત્ર પ્રથમ વ્યક્તિ ગણાય. જો કે કહેવું જોઈએ પાછળથી ઘણાં બધાં લોકો આ પ્રવૃત્તિમાં જોડાયાં. પદ્મશ્રી એવોર્ડ વિજેતા માંડલેવાલા સાહેબને ખૂબ ખૂબ અભિનંદન.આ સેવાકીય પ્રવૃત્તિ અવિરત ચાલતી રહે એવી શુભભાવના. અનેક પ્રકારના અલગ અલગ સંસ્થાના પારિતોષિક વિજેતાને ધન્યવાદ.

સુરત - જગદીશ પાનવાલા

વૃક્ષ છોડ વાવો જીવન ઉગાડો

આપણે સૌ મે, 2026માં કાળઝાળ ગરમીનો પ્રકોપ સહન કરી રહ્યાં છીએ. જેનાં મુખ્ય કારણોમાં શહેર અને બહારના વિસ્તારમાં મલ્ટીસ્ટારીઝ બિલ્ડીંગ એટલે કે સિમેન્ટ કોન્ક્રીટના જંગલ સમાન, કુદરતી લીલોતરી અને ખુશનુમા વાતાવરણમાં પ્રદૂષણની માત્રામાં વધારો કરી રહ્યા છે, જે ભવિષ્યની પેઢીના જીવનશૈલી પર રેડ સિગ્નલ સમાન છે. આમ કુદરતને વધુ લીલાંછમ જોવા, આપણા સંકલ્પ કરીએ કે Atlest એક તુલસીનો છોડ ઘર ઘર હોવો જોઈએ. ઘરની શોભામાં પણ વૃદ્ધિ થશે અને ગરમીમાં પણ રાહત રહેશે.

રહેઠાણ વિસ્તારમાં કોમ્પલેક્ષમાં અનુકૂળ જગ્યાએ નાના નાના છોડો રોપો. ઘરની કાચની દિવાલ પર આછા લીલા પડદા રાખો. હાલ, કુદરત આપણાથી કદાચ નારાજ છે તો તેને સ્વચ્છ, સુઘડ અને Go-Green અભિયાનનું આયોજન કરો.

સુરત – દીપક બી. દલાલ

એક અનોખા મિજાજનો વૃક્ષપ્રેમી

મધ્યપ્રદેશના એક ‘કોચામઉ’ નામના નાનકડા ગામમાં સાયકલ પર એક દાઢીવાળો લાંબા ઝભ્ભામાં લઘરવઘર દશામાં ફરી રહ્યો હતો. તેણે ચંપલ પણ ટાયરમાંથી બનાવેલાં પહેર્યાં હતાં. પોલીસે શંકાના આધારે તેમની આકરી પૂછપરછ કરી ત્યારે જાણવા મળ્યું કે આ કોઈ સાધારણ વ્યક્તિ નથી. તેનું નામ ડો. આલોક સાગર હતું. ‘વૃક્ષછેદન’ માં આગવું નામ ધરાવતું હતું. ગામની આજુબાજુ આલોક સાગરે ઔષધિય ગુણોથી ભરપૂર એવાં પચાસ-હજારથી વધુ વૃક્ષો વાવીને તેનું જતન કર્યું, જેના પરિણામ સ્વરૂપ ગામમાં છેલ્લાં વીસ વર્ષથી કોઈએ કુહાડી હાથમાં લીધી નથી. આ અભણ પ્રજામાં જો આટલું પરિવર્તન આવી શકતું હોય તો એની સામે શહેરના ભણેલ ગણેલ સુધરેલ સમાજે એક બોધ લેવો જોઈએ.

આજે મોટી મોટી ઈમારતો અને રોડ-રસ્તાના નામે આડેધડ વૃક્ષોનું છેદન થઈ રહ્યું છે. પરિણામ સ્વરૂપ આવનાર ભવિષ્યમાં ઓક્સિજનની કમી, ઓછો વરસાદ, ઋતુચક્રમાં ફેરફાર વિગેરે અનેક પ્રત્યાઘાત સ્વરૂપ માનવજાત તથા પૃથ્વી પરની અનેક જીવસૃષ્ટિને મોટું ભુકતાન કરવું પડશે કે જેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે.

સુરત -રેખા એમ. પટેલ

કુખ્યાત અને વિખ્યાત

જીવન જીવવાના બે માર્ગ છે. સદાચાર અને દુરાચાર, નીતિમત્તા જાળવીને સત્યના માર્ગે ચાલો તેને સદાચાર કહેવાય છે. હા,મહેનત કરીને જિંદગી જીવવાની થોડી કઠીન છે પરંતુ તેમાં જ ભગવાન રાજી રહે છે. જ્યારે અનીતિના માર્ગે ચાલીને સંપત્તિ મેળવીને વૈભવી જીવન જીવો અને બેનંબરી પૈસાની ચમકદમક બહુ ભારે હોય છે.પરંતુ ન કરવાનાં કામો કરાવે છે. જે કાનૂનની નજરમાં કુખ્યાત બની જાય છે. આ દુરાચારનું પરિણામ છે. સમર્થ કથાકાર પૂ.મોરારિબાપુએ રામચરિત માનસ કથા દ્વારા જે દાખલા આપ્યા જેથી તેઓ વિશ્વવિખ્યાત બની ગયા છે. સ્વામીનારાયણ સંપ્રદાયના વડા પૂ.પ્રમુખ સ્વામી હવે હયાત નથી.તેમણે સમાજ-યુવાધનને સુધારવા માટે જ “વ્યસન-મુક્તિ ઝુંબેશ” ઉપાડી હતી તેનું પરિણામ મળ્યું છે.તેઓ કહેતા હતા કે સંપત્તિ અને સંતતિ તરફ ધ્યાન ન આપશો તો છેવટે બંને ગુમાવવાનો વારો આવે છે. સ્વાધ્યાય પરિવારના પ્રણેતા પૂ.પાંડુરંગ આઠવલેજી ભક્તિ ફેરી અભિયાન દ્વારા વૈચારિક ક્રાંતિ લાવી શક્યા છે. આમ માણસજાતે કુખ્યાત બનવું છે કે વિખ્યાત તે તેણે જાતે નક્કી કરવાનું છે.

તરસાડા -પ્રવીણસિંહ મહીડા

અનંત ઉપકારી માતા પિતા (ઘરનાં ભગવાન)

આ પવિત્ર ધરતી ઉપર આપણને સહુને લાવનાર દરેક મનુષ્યને માતા-પિતા હોય છે. ગર્ભાવાસથી માંડીને જન્મથી માંડીને બાળકો મોટાં થાય ત્યાં સુધી માતાપિતા એની કાળજી રાખે છે. જો માતા-પિતાના ઉપકારો ગણવા બેસીએ તો પાર આવે એમ નથી. માતા ગર્ભધારણ પછી કેટલી પરેજી પાળે છે. ચાલવામાં સાવધાની રાખે છે. મા-બાપ પોતાની જિંદગીના અમૂલ્ય દિવસો અને મહિનાઓ કહો કે વર્ષો બાળકને મોટો કરવાની સુખાકારી માટે ફાળવે છે.

છોકરો હોય કે છોકરી એને મોટા કરી લાયક બનાવવા સમય, શક્તિ અને સંપત્તિનું ભારે બલિદાન આપે છે. છોકરાં કે છોકરીના વિકાસમાં પોતાનો વિકાસ માને છે અને આનંદ અને ગૌરવે લે છે. દુઃખ ઘણાં સહન કરીને પણ એની બંનેની ખુશીનો કોઈ પાર નથી. પણ આજની જમાનાની તાસીર અને પરિસ્થિતિ જોતાં સામાન્યથી માંડીને પૈસાદાર પરિવારનાં બાળકો મોટા થતાં પૂજ્ય માતા પિતાનું ઋણ અદા કરતાં નથી. એમનું ઘડપણ સુધારવાની દીકરાઓની ફરજ છે. એમની દુઆ એક આશીર્વાદમાં એક જબરી તાકાત હોય છે. આજે મોબાઈલ, ફેશન અને સ્વતંત્રતાના જમાનામાં ઘણાં યુવાનો મા-બાપથી વિમુખ છે. આ અત્યંત જરૂરી બાબતે સરકારે જ કડક કાયદો કરવો જોઈએ એ ઉચિત છે. સાંપ્રત સમયની માંગ છે.

સુરત -દીપકભાઈ ટાંકલવાલા

અશક્તિકરણ

એક વ્યસનની લતથી વ્યકિતને થતા શારીરિક, માનસિક, આર્થિક અને સામાજિક નુકસાનને વ્યક્તિગત કે પારિવારિક સમસ્યા સમજી - સમજાવી, થતાં અત્યાચારી કૃત્યો આજે રાજ્યમાં મહિલા સશક્તિકરણની યોજનાઓ અને સલામતીના કાયદાઓને લલકારતા પ્રશ્નો પર પડદો નાંખે છે. ગુજરાત રાજ્યમાં દારૂ પર પ્રતિબંધ હોવા છતાં દારૂની લતથી પીડિત પરિવાર, સમાજ અને મહિલાઓ એટલી અશક્ત બની છે કે આ અત્યાચારોને ગુનો નહીં પણ ભાગ્ય સમજી ઘરનાં ઓટલે માત્ર ચર્ચા કરે એ ગુજરાત સરકારનું મહિલા સશક્તિકરણનું નેતૃત્વ?

આશ્ચર્યની વાત તો એ છે,

૧. શિક્ષિકા તરીકેની ડિગ્રી મેળવેલ તેમજ કાર્યરત મહિલાઓ આજે વ્યસનની લત સામે પાંગળી બની છે.

૨. અભ્યાસ કરતી દીકરીઓ શિષ્યવૃત્તિની સહાયથી વ્યસનનો ખર્ચ / લેણું ચૂકવે છે.

૩. નશામાં ધૂત વ્યક્તિનો ભોગ બનેલ દીકરીની ન્યાયની લડત નશાથી ભૂલાવી દેવામાં આવે છે.

આથી વિશેષ ઘણી બાબતો છે જે આપણે રોજ ઘર ઓટલે થતી મહિલા સભામાં સાંભળતાં હોઈએ છીએ. સરકારના કાયદાઓ અને યોજનાઓ તો ઠીક પણ સંવેદનશીલ અને સંબંધોને માન આપતી ભારતીય નારી શું પોતાના અંગત વ્યક્તિને કઈ રીતે દોષિત ઠરાવી શકે? પણ સરકાર યોગ્ય નિર્ણય લે, સશક્તિકરણની યોજનાઓ જ નહીં એના આધારો અને પાંખો પણ મજબૂત બનાવે તો વાત ઘર આંગણે નહીં સીધી કોર્ટમાં થાય.

નવસારી -શાહીદ જી. કુરેશી.